જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૪/૨૦૧૮ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૮૬/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૪૩ વ્યક્તિઓને ઝડપી, ૮૭ લીટર દેશી દારૂ, ૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૪ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૬૫૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૭૮૭/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડ :- સમાચાર યાદી નં.૭૮૮/૧૮

**નવરંગપુરાઃ** સુકેતુભાઇ સુમતીલાલ શાહ(રહે. આર્યમાન બંગ્લોઝ શીલઝ ફાટક પાસે થલતેજ) એ તા.૨૩/૪/૧૮ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૪/૧૮ સાંજના ૬/૦૦ થી તા.૨૩/૪/૧૮ બપોરના ૨/૦૦ વાગ્યા દરમ્યાન નવરંગપુરા સહકાર નીકેતન સોસાયટી ખાતે આવેલ પોતાના મકાનની બારીની સ્ટોપર તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લેપટોપ, હાર્ડ ડીસ્ક, ચોપડા, જરૂરી દસ્તાવેજ, સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૦૭,૫૦૦/-મતાની ચોરી કરી લઇ ગઈ છે.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી યુ.જે.જોષી ચલાવે છે.

## સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :- સમાચાર યાદી નં.૭૮૯/૧૮

**સોલા હાઈકોર્ટઃ** દીપીકાબહેન વા/ઓ હર્ષદભાઇ પટેલ (ઉ.વ.૪૦) (રહે.રત્નાસાગર બંગલોઝ વિભાગ-૧ સોલા સિવીલ હોસ્પીટલ પાછળ સોલા) તા.૨૦/૦૪/૧૮ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે ગુલાબ રેસીડન્સી આગળથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ દીપીકાબહેનના ગળામાંથી સોનાનો દોરો કિંમત રૂપિયા ૧૫,૦૦૦/- ખેંચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ દીપીકાબહેન પટેલે તા.૨૩/૪/૧૮ નારોજ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આર.ગઢવી ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુ:-</u>** **<u>સમાચાર યાદી નં.૭૯૦/૧૮</u>**

**ગુજરાત યુનિવર્સિટીઃ** મહેશભાઇ રાજુભાઇ રાઠોડ (ઉ.વ.૨૭) (રહે, મોડાદેવાનો વાસ, ગુલબાઇ ટેકરા આંબાવાડી) એ તા.૨૩/૪/૧૮ નારોજ ગુજરાત યુનિવર્સિટીપોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૪/૧૮ બપોરના ૧/૦૦ વાગે મહેશભાઈ રાઠોડના દાદી તેજુબહેન રૂપાભાઈ રાઠોડ (ઉ.વ.૮૦) ગુજરાત યુનિવર્સિટી બીઆર.ટી.એસ. બસ સ્ટેન્ડ સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ નંબર જીજે.૧૪.એ.બી.૦૩૩૦ ના ચાલકે મોટર સાયકલ પુરઝડપે અને બેદરકારીથી ચલાવી ટક્કર મારતા તેજુબહેનને ગંભીર ઈજાઓ થતા સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુઆ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.કે.ચૌધરી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.